विस्तरण शिक्षण नियामकश्रीनी कचेरी

# નવસારી કૃષિ યુનિવર્સિટી

**એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦**

## પરિપત્ર

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે, આગામી તારીખ ૧૧ થી ૧૩ એપ્રિલ, ૨૦૧૬ દરમ્યાન નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે યોજાનાર રાજયની કૃષિ યુનિવર્સિટીઓ અને પશુપાલન યુનિવર્સિટીની ૧૨મી કમ્બાઈન્ડ જોઈન્ટ એગ્રેસ્કો મિટીંગના ઉદઘાટન સમારંભ પ્રસંગે એક પ્રદર્શનનું આયોજન કરેલ છે, જેના ઉદઘાટન સમારંભ પ્રસંગે શ્રી બાબુભાઈ બી. બોખીરીયા, માનનીય મંત્રીશ્રી કૃષિ સહકાર, પશુપાલન, ગૌ સંવર્ધન અને શ્રી જશાભાઈ બારડ, માનનીય મંત્રીશ્રી (રાજયકક્ષા) કૃષિ અને નાગરીક ઉડ્ડયન, ગુજરાત સરકાર હાજર રહેનાર છે.

પ્રદર્શનમાં નવસારી કૃષિ યુનિવર્સિટીના નીચે દર્શાવેલ વિભાગોએ ભાગ લઈને તેઓના વિભાગની છેલ્લાં એક વર્ષ દરમ્યાન વિકસાવેલ નવી કૃષિ તાંત્રિકતા, પાકની નવી જાતો, નમુનાઓ તેમજ કૃષિ સાહિત્યોની બે–બે નકલો પ્રદર્શિત કરવાની રહેશે. આ માટે **તા.૧૦/૦૪/૨૦૧૬ના રોજ બપોરના ૩.૦૦ થી ૫.૦૦** કલાક દરમ્યાન ઓડીટોરિયમ હોલ, નવસારી ખાતે પ્રદર્શન સામગ્રી જમા કરાવવા માટે જણાવવામાં આવે છે.

| અ.નં | પાક/ કૃષિ ટેકનોલોજી | વિભાગનું નામ |
|---|---|---|
| ૧ | નવી જાત : કપાસ જી.સી.એચ.–૧૦,૧૨ અને જી.એન.સી.– ૨૪, ૨૬ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ, સુરત |
| ૨ | નવી જાત : ચોખા જી.એન.આર.–૫,૬ અને જી.એન.એચ.આર–૧ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી |
| ૩ | નવી જાત : શેરડી જી.એન.એસ–૯ અને શેરડી પાકના ટીસ્યુના નમુનાઓ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, શેરડી સંશોધન કેન્દ્ર,નકૃયુ, નવસારી |
| ૪ | નવી જાત : એરંડા જી.એન.સી.એચ–૧ અને તુવેર જી.એન.ટી–૨ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કઠોળ સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી |
| ૫ | નવી જાત : શકકરીયા ભુક્રાંતિ અને રીંગણ જી.એન.બી–૧ | આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| ૬ | નવી જાત : નાગલી જી.એન.એન.–૭ અને જી.એન.જી.–૩ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, હલકાં ધાન્ય સંશોધન કેન્દ્ર, નકૃયુ, વઘઈ |
| ૭ | નવી જાત : જુવાર જી.એન.જે–૧,૨ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, નકૃયુ, સુરત |
| ૮ | નવી જાત : ખરસાણી (ગીરા) અને એન.આર.એસ–૧૩૦૪ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, ખરસાણી સંશોધન કેન્દ્ર, વરાણસી |
| ૯ | નવી જાત : હળદર જી.એન.ટી–૨ | પ્રાધ્યાપક અને વડા, જનિનવિદ્યા અને વનસ્પતિ સંવર્ધન વિભાગ, ન.મ.કૃષિ મહા વિદ્યાલય, નવસારી |
| ૧૦ | સેલીકોર્નીયા, કેળનું પ્રવાહી ખાતર | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન), નકૃયુ, નવસારી |
| ૧૧ | કેળના ટીસ્યુના નમુનાઓ | સહ પ્રાધ્યાપકશ્રી, બાયોટેકનોલોજી વિભાગ, નકૃયુ, નવસારી |
| ૧૨ | મત્સ્યપાલન | આચાર્ય અને ડીનશ્રી, પશુ ચિકિત્સા અને પશુપાલન, મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |
| ૧૩ | સુરતી બકરાંના પ્યોર બ્રીડના ફોટોગ્રાફસ અને મોડેલ્સ, વર્મી કમ્પોસ્ટનો નમુનો | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, પશુ સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી |
| ૧૪ | ફ્રુટ ફલાઈ ટ્રેપ | સહ પ્રાધ્યાપકશ્રી, ફુડ કવોલીટી ટેસ્ટીંગ લેબોરેટરી, નકૃયુ, નવસારી |

| | | |
|---|---|---|
| ૧૪ | જૈવિક ખાતરો | પ્રાધ્યાપકશ્રી, પેથોલોજી વિભાગ, ન.મ.કૃષિ મહા વિદ્યાલય, નવસારી |
| ૧૫ | પલમીરા પામ, વાંસ, નિલગીરીના ટીસ્યુના નમુનાઓ, મધના નમૂના સાથે અર્થકરણ, સ્મોકલેસ સ્ટવ, બનાના કોમ્બ કટર વીથ હેન્ડ ગ્લોઝ, એકઝોટીક ફલાવર્સ, ફુલોમાં મૂલ્યવર્ધન. | આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ. નવસારી |
| ૧૬ | પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી : ગલેલીમાં મુલ્યવર્ધન, ચીકુનો પાઉડર, ચીકુના બીજમાથી તૈયાર કરેલ તેલ, કેળના છાલમાથી બનાવેલ પ્રોડકટસ, કેળાનો પાવડર, નોની શરબત, પાઈનેપલ, કેરીના પલ્પ સિવાય કેરીની અન્ય પ્રોડકટસ, તરબુચની છાલમાંથી બનાવેલ કેન્ડી વિ. મુલ્યવર્ધિત બનાવટો. | આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ. નવસારી |

વિશેષમાં જણાવવાનું કે, પાકોની નવી જાતો પ્રદર્શિત કરવા માટે તેના નમુના, કલર ફોટોગ્રાફસ, અગત્યની લાક્ષણિકતા અને અન્ય જાત કરતા વધુ કઈ રીતે ચડિયાતી છે તેનું ટૂંકમાં લખાણ તૈયાર કરીને સાથે લાવવાનું રહેશે. યુનિવર્સિટી દીઠ ૪×૨ ફૂટના ફકત બે ટેબલની જ ફાળવણી થયેલ હોઈ કોઈપણ વિભાગે પોસ્ટર કે ચાર્ટસ લાવવાના નથી. ટેબલ પર કાપડ પાથરવાની વ્યવસ્થા અત્રેથી કરવામાં આવશે, જે વિદીત થાય.

પ્રદર્શન સબંધી વધુ જાણકારી માટે પ્રો.એસ.આર.કુંભાણી, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, વિશિનિશ્રીની કચેરી, નકૃયુ, નવસારી (મો.નં.૯૯૨૪૭૨૩૨૮૨) નો સંપર્ક કરવા વિનંતી છે.

ઉપરોકત પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવીને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૨/વેબ–૭૬/૨૦૧૬
નવસારી તા. ૦૧/૦૪/૨૦૧૬

<u>નકલ સવિનય રવાના પ્રતિ</u> :
૧. સંશોધન નિયામકશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૨. ડીનશ્રી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી તરફ જાણ તથા ઘટતું થવા સારું.
૩. ઉપરોકત તમામ વિભાગોના વડાઓ તરફ જાણ તથા ઘટતું થવા સારું.